શ્રી કુંભારીયા પંચ રાધાકૃષ્ણ મંદિર ટ્રસ્ટ, રાંદેર, સુરત.

નોંધણી નંબર : એ/૪૪૧, સુરત, ભંડારીવાડ, રાંદેર, સુરત-૩૯૫૦૦૫.
ફોન નંબર : ૯૮૪૪૮૯૬૨૫, ૯૯૨૫૨૪૦૯૦

આથી આપણા ટ્રસ્ટના સભાસદોને જણાવવાનું કે ટ્રસ્ટના અનુગામી ટ્રસ્ટી નિમવાની રીત મુજબ વ્યવસ્થાપક કમિટિના તમામ ટ્રસ્ટી મંડળના સભ્યોની મુદત પુરી થાય છે અને તેઓ ફરીથી ચુંટાવાને પાત્ર છે.

ફારેગ થતા ટ્રસ્ટી મંડળના સભ્યોના નામો તથા ઉમેદવારી પત્રક ભરવા તથા સ્વીકારવાની વિગતવાર માહિતી ટ્રસ્ટની ઓફીસના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. અને તે અંગેની **મિટીંગ તા. ૦૩/૦૫/૨૦૨૬** ના રોજ રવિવારે **સવારે ૧૦:૦૦ (દશ)** વાગે રાખવામાં આવે છે. જેની જાણ આ જાહેર નોટીસથી કરવામાં આવે છે, અને દરેક સભાસદને મિટીંગમાં અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.

મંત્રીશ્રી,
કાંતિલાલ અંબારામ લાડ

ટાઈટલ કલીયરન્સ તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ થી જણાવવાનુ કે ડીસ્ટ્રીકટ **સુરત,** સબ-ડીસ્ટ્રીકટ તા. **ઓસરી** ના મોજે ગામ **દીમ્બરચા** ના **ખાતા નં.૨૭૮** ના રે.સ.નં. ૯૮/૨અ જેનો **બ્લોક નંબરઃ ૧૦૬** વાળી ખેતીની જુની શરતની જમીન જેનુ **ક્ષેત્રફળ હે:૧-૨૫-૪૫** આકારના રૂા. ૧૭.૦૦ પૈસાવાળી વાળી જમીન **વિજયભાઈ કેશવભાઈ** ના નામજોગની ચાલી આવેલ છે. તેઓએ સદરહુ મીલકત પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનુ તેમજ તેના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવી અમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનુ નક્કી કરેલ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિ, બેંક, સોસાયટી કે સંસ્થાનો કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, દરદાવો, અધિકાર કે હિતસંબંદ કે કોઈનો ભરણ-પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હક્ક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયાની તારીખથી **દિન-૭ (સાત)** માં અમોને પુરાવા સહિત લેખીતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે થી સદરહુ જમીનમાં કોઈપણ વ્યક્તિત, બેંક, સોસાયટી કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, દરદાવો, અધિકાર કે હિતસંબંદ કે કોઈનો ભરણ-પોષણ કે આજીવન રહેવાનો કે ઇઝમેન્ટનો હક્ક નથી અને હોય તો તે જતો (Waive) કર્યો છે, યાને છોડી દીધો છે, તેમ માની લેવામાં આવશે અને અમારા અસીલ આ વ્યવહાર સંપુર્ણ કરશે તેમજ સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઇપણ પ્રકારની તકરાર કે હક્ક દાવો કે વાંધા ચાલશે નહી જેની જાહેર જનતા એ તથા લાગતા-વળગતાએ નોંધ લેવી.

૩૦૯, એવલોન ધી બીઝનેસ હબ,
પાટીદાર સમાજની વાડી સામે, આંબાતલાવડી,
કતારગામ, સુરત. મો. ૯૭૨૩૪ ૮૧૨૮૧.

અસીલની સુચના અને ફરમાઈશથી
કશ્યપ એચ. ઈટાલીયા
એડવોકેટ એન્ડ નોટરી

જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટશ્રી હસમુખ એન. પરમાર તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈશ અનવ્યે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, અમોના અસીલશ્રી **મોજે ગામ : કાંટાસાયણ,તા.હાંસોટ,જી.ભરૂચ**ની સીમમાં આવેલ **બ્લોક/સર્વે નં.૭૧૦, જુનો બ્લોક/સર્વે નં.૪૮૦બ,** ક્ષેત્રફળ ૨-૫૦-૭૬ હે.આરે.ચો.મી. તથા આકાર રૂા.૨૩.૯૦ પૈસા તથા **બ્લોક/સર્વે નં.૬૮૦, જુનો બ્લોક/સર્વે નં.૪૮૦ક,** ક્ષેત્રફળ ૦-૮૭-૮૫ હે.આરે.ચો.મી. તથા આકાર રૂા.૮.૭૦ પૈસાવાળી ખેતીની જમીન વેચાણ લેવા માંગે છે. સદર જમીનના માલીક **સુરેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ઠાકોર તથા ધર્મેન્દ્રસિંહ નરેન્દ્રસિંહ ઠાકોરનાં** પ્રત્યક્ષ કબ્જા ભોગવટા માલીકીનું અને ચોખ્ખા ટાઇટલવાળી હોવાનું જણાવેલ છે. જેથી સદર ખેતીની જમીન અંગે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો લાગ-ભાગ,હક્ક, હિત,હિસ્સો, દર-દાવો યા બીજી કોઇ રીતનો હક્ક કે કોઇપણ પ્રકારનો અધિકાર હોય તો સદર નોટીસ પ્રસીદ્ધ થયેથી **દિન-૭** માં લેખીતમાં પુરાવા સહીત વાંધાઓ રજુ કરવા, મુદત વિત્યે વાંધાઓ જો હોય તો જતા કર્યા છે. તેવા અનુમાનથી અમારા અસીલશ્રી જે તે માલીકને અવેજની રકમ ચૂકવીને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેશે, ત્યારબાદ કોઇની પણ તર-તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઇશ મુજબ
અમારી મારફતે
હસમુખ એન. પરમાર(એડવોકેટ)

તારીખ : ૧૯-૦૪-૨૦૨૬
સ્થળ : હાંસોટ
મો.૯૬૩૮૧૮૬૬૨૨

ટાઈટલ કલીયર સાથે વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતાને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીક્ટ, સબ-ડિસ્ટ્રીકટ પલસાણાના **મોજે ગામ બગુમરાના** રે.સર્વે નં.: ૩૦૯, **બ્લોક નં. ૪૦૪,** જેનું ક્ષેત્રફળ હે.આરે. ૩-૩૮-૯૧ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીન પૈકી વણ-વહેંચાયેલી પુર્વ દિશા તરફની ખાડી બાજુની અડદા હિસ્સાની યાને હે.આરે. ૧-૬૯-૪૫.૫૦ ચો.મી. જમીન **નાથુભાઇ બેચરભાઇ** નાએ પોતાની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગતા હોઈ જેથી ઉપરોક્ત જમીન સબંધે કોઈપણ વ્યક્તિ, સંસ્થા, સંગઠન કે મંડળ ઈત્યાદીનો કોઈપણ પ્રકારનો સીધો કે આડકતરો હક્ક હિસ્સો કે અધિકાર હોઈ તો તેઓએ દિન-૧૦ માં લેખિત દસ્તાવેજી પુરાવા સહીત હમોને નીચેના સરનામે વાંધો મોકલવો. જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહું જમીનના રેકર્ડ પરના માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ પ્રકારના હક્ક-હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે જતા કરેલ છે તેમ સમજી મુદત વીત્યે સદરહું મિલકતના ટાઇટલ સંપુર્ણ બોજા રહીત, ચોખ્ખા અને માર્કેટેબલ છે તેમ સમજવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

ઓફિસ : બી-૪૦૩, રિવાન્ટા ગાર્ડન સિટી,
રોયલ રેસીડન્સીની સામે, વરીયાવ, સુરત.
મો. ૯૭૨૬૦ ૦૭૧૪૩ (તા. ૧૯/૪/૨૦૨૬)

નયન કે. લાઠીયા
તે ખરીદનારના એડવોકેટ

-:: ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ ::-

જત **સુરત ડિસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડિસ્ટ્રીકટ, તા. ચોર્યાસીના મોજે ગામ એકલેરા કે ખાતા નં. ૭૧,** જેનો રે.સર્વે નં. ૩૨ વાળી ખેડખાતાની જુની શરતની જમીન જેનું કુલ ક્ષેત્રફળ સુમારે ૦-૬૦-૭૧ ચો.મી. ટાઈટલ કલીયર જુની શરતની જમીન, જેનો આકાર રૂ. પ.૩૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનના માલિક (૧) ગુલામ મોહંમદ અહમદ ભામજી (૨) શોકત મોહંમદ અહમદ પટેલ (૩) મઝહર મોહંમદ અહમદ પટેલ (૪) નરપતસિંહ ધર્મેન્દ્રસિંહ ઝાલા વિગેરે સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાદાર, વહીવટ, વ્યવસ્થાની ચાલી આવેલી હોવાનું તથા તમામ પ્રકારના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવીને મારા અસીલોને વેચાણ કરવા માંગે છે. સદરહું જમીનમાં કોઈપણ વ્યકિત, કંપની, સંસ્થા, મંડળી, નાણાંકીય સંસ્થા, બેંક કે અન્ય કોઈ સરકારી, અર્ધસરકારી ખાતાના કોઈપણ જાતના લાગભાગ, હકક, હિસ્સા, બોજા, લોન, હિત, સંબંધ, અધિકાર, દાવા-દુવીના પ્રકરણો, ચાર્જ પહોંચતા હોય તો તેવી વ્યકિત, સંસ્થા યા બેંકે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન- ૭ (સાત)**માં અસલ લેખિત પુરાવા સહિત અમોને રૂબરૂ મળવું. મુદ્દત વિત્યે સદરહું જમીનમાં કોઈના કોઈપણ પ્રકારના લાગભાગ, હકક, હિત, સંબંધ અધિકાર નથી અને હોય તો ત્યજી દીધેલા હોવાનું માની સદરહું જમીનનું ટાઈટલ સર્ટીફિકેટ આપવામાં આવશે અને તે બાબતે પાછળથી કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેથી લાગતા વળગતા સર્વોએ નોંધ લેવી.

તા. ૧૯/૦૪/૨૦૨૬

બિપીન ડી. રોહિત એડવોકેટ
ઓફિસ : એફ-૧૬,૧૭, ગજાનંદ કોમ્પલેક્ષ, સ્ટેશન રોડ,
સચીન, તા. ચોર્યાસી, જિ. સુરત. (મો.) : ૯૬૨૪૩ ૬૦૦૬૬

જી. નવસારી, તા. જલાલપોરનાં મોજે ગામ ડાંભરનાં બ્લોક નં. ૭૩૯ કે જેનોજુનો રે.સ.નં./બ્લોક નં. ૧૫૬ વાળી જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ડિસ્ટ્રીકટ નવસારી, સબ ડિસ્ટ્રીકટ તાલુકા જલાલપોરનાં મોજે ગામ ડાંભરનાં ખાતા નં. ૫૫૭, જેનો આકાર રૂા. ૫.૫૫ પૈસા, જુનો રેવન્યુ સર્વે/બ્લોક નં. ૧૫૬, નવો રેવન્યુ સર્વે/બ્લોક નં. ૭૩૯ કે જેનું ક્ષેત્રફળ હે. ૦-૬૦-૩૬ આરે. ચો.મી. જરાયત ક્ષેત્રફળ ધરાવતી જુની શરતની ખેતીવાળી જમીન (૧) મનિષભાઈ અમ્રતભાઈ પટેલ, (૨) અતુલભાઈ અમ્રતભાઈ પટેલોની માલીકી તથા કબજા હેઠળની તથા ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, જેથી સદરહુ બીનખેતીની જમીન ઉપર અન્ય કોઇ ભાગીદાર, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેર હરકોઈનાં લાગભાગ, હકક હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત મારો સંપર્ક કરવો, અન્યથા મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતો યાને વેવ કર્યો છે તેમ માની મારા અસીલ મજકુર જમીન માલીકો સાથે વેચાણ અંગેનો વ્યવહારો કરી, જરૂરી કાયદેસરનાં લખાણો કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઇપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તા.૧૯/૦૪/૨૦૨૬

ઓફિસ : ૨૦૧, શુભમ્ કોમ્પલેક્ષ,
આનંદ હોસ્પીટલની ગલીમા,
નાનપુરા, સુરત મો. નં. : ૭૬૨૨૦૧૫૫૧૫

મારી મારફત :
નિરવ આર તેલવાલા
(એડવોકેટ)

જાહેર નોટીસનો જાહેર જવાબ

નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલ્કત બાબતે વેચાણ અંગેની જાહેર નોટીસ ગુજરાતમિત્ર દૈનિકમાં તા.૧૦/૦૪/૨૦૨૬ ના રોજ એડવોકેટશ્રી એ. એ. બંગલી. ઓફીસઃ એફ-૧૯, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરતના મારફત આપવામાં આવેલ. જેના અનુસંધાનમાં હમો નીચે મુજબના વાંધા રજુ કરીએ છીએ.

:મિલ્કતનું વર્ણન:

સુરત જીલ્લા ના ઓલપાડ તાલુકાના મોજે ગામ બરબોધનના રે. સર્વે નં. ૨૪૧/૨ વત્તા ૨૪૨, બ્લોક નં. ૫૨૪ થી નોંધાયેલ સુમારે હે.૩-૫૭ આરે ૧૪ ચો.મી. યાને ૩૫૭૧૪ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીન પૈકીની ૫૯૫૨.૩૩ સ.ચો.મી. વણવહેંચાયેલા માલિકી હકક, હિસ્સાની ખેતીની જમીન નયનાબેન વિઠ્ઠલભાઈ તે ઉમેદભાઈ પટેલની ધણીયાણી રહેવાસી : એ-૧, ઠાકોર ધ્વાર સોસાયટી, સાયણ, સુરતનાએ તેઓનો વણવહેંચાયેલો હિસ્સો એડવોકેટશ્રી એ.એ.બંગલીના અસીલને વેચાણ આપવા નકકી કરેલ હોવાનું જણાવેલ છે. તથા સદર બાબતે જાહેર જનતા પાસેથી કોઈ પણ પ્રકારના વાંધા હોય તે પુરાવા સહિત જણાવવા માટે જણાવેલ હતું.

સદર બાબતે હમારા અસીલ જગદીશભાઈ વિઠ્ઠલભાઈ પટેલને સખત વાંધો છે કારણ કે સદર આખી જમીન હમારા અસીલ તથા મજકુર નયનાબેન તથા અન્ય ચાર સહ માલિકોની સંયુકત માલિકીની ચાલી આવેલ છે. સદર જમીન ઉપર તેના માલિકો વચ્ચે વહેંચણ થઈ નથી તથા તમામ માલિકોના હિસ્સા હજી સુધી નકકી થયા નથી. જે સંજોગોમાં સદર આખી મિલ્કત છેલ્લા ઘણા વર્ષોથી હમારા અસીલના પ્રત્યક્ષ કબજા, ભોગવટા હેઠળ ચાલી આવેલ છે અને તેઓ તેમા વિવિધ પાકો લઈ પોતાનું ગુજરાન ચલાવે છે.

સબબ આથી જાહેર જનતાને જણાવવાનું કે, સદર મિલ્કત અંગે હમારા અસીલ તથા અન્ય માલિકો વચ્ચે વહેંચણ થઈ નહી હોવાથી તથા તમામ માલિકોના હિસ્સા રેકર્ડ ઉપર તથા પ્રત્યક્ષ અલગ કરવામાં ન આવેલ હોવાથી હમારા અસીલના પ્રત્યક્ષ કબજા, ભોગવટામાંસદર મિલ્કત ચાલી આવેલ છે. સદર મિલ્કત કોઈ પણ ઈસમ વેચાણ રાખશે તો તેમને કોઈ પણ હકક પ્રાપ્ત થશે નહી, અને બિન જરૂરી દાવા, દુવી વિગેરેના પ્રકરણોમાંઉતરવું પડશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧૯/૦૪/૨૦૨૬

ચંદ્રસિંહ આઈ. વાંસિયા તથા **રાહુલ આર.પરમાર**
એડવોકેટ એન્ડ નોટરી
તે જગદીશભાઈ વિઠ્ઠલભાઈ પટેલના એડવોકેટસ
ઓફીસ નં. ૨૧૯, જલ દર્શન ટાવર, બહુમાળી મકાન પાસે, નાનપુરા, સુરત. મો.૯૮૨૫૦૯૧૨૧૯, ૯૬૬૨૫૪૬૪૮૮

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સુરત સીટી (મજુરા) સબ-ડીસ્ટ્રીકટના શહેર સુરતના મોજે ગામ અલથાણમાં આવેલી રે.સ.નં.૨૪/૨/બ વાળી જમીન, ટી.પી.સ્કીમ નં.૨૮ (અલથાણ)માં સમાવેશ થતાં ફા.પ્લોટ નં.૭૨ ફાળવવામાં આવેલ છે. જેને સીટી સર્વે વોર્ડ અલથાણના સીટી સર્વે નં. ૪૫૦/૨ આપવામાં આવેલો છે તે બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં. બી-૨૨ થી નોંધાયેલી રહેઠાણના બાંધકામવાળી જમીન અમલાવાળી મીલકત, જેનું કુલ ક્ષેત્રફળ ૧૫૭.૫૦ સ.ચો.મી. છે તે જમીન અમલવાવાળી મીલકત, તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત અમી કમલ અધ્વર્યુ એ પોતાની સ્વતંત્ર અને સંપુર્ણ માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી, સદરહુ મીલકતના વેચાણ અંગે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંકને કોઈપણ પ્રકારના લેખો લખી આપ્યા નથી તેવું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ મીલકત ઉપર કોઈપણ સરકારી કે સહકારી બેંક, સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, સંબંધ, હિસ્સો કે દરદાવો વિગેરેના હકકો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં અમારા અસીલ વતી અમોને લેખિત વાંધા, પુરાવાઓ સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કોઈ ઢીલ કે કસુર થશે તો સદરહુ મીલકત અંગે કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ કે દરદાવો યા ઈઝમેન્ટ કે ખોરાકી-પોષાકીના હકકો નથી અને હોય તો તે જતા યાને વેવ કરેલા છે તેમ માની અમારા અસીલ સદરહુ મીલકતનો તમામ હકકો સહિતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

વિવેક નવીનચંદ્ર ઇન્દોરવાલા - સુનીતાબેન એન. ગોટાવાલા
મો.નં.: ૯૮૭૯૭ ૩૫૯૫૮ - મો.નં.૯૧૦૬૮ ૫૯૨૪૯
તે ખરીદનારના એડવોકેટ્સ
ઠેઃ ૮, સોમનાથ સોસાયટી, ભટાર રોડ, સુરત.

ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ ઓલપાડ, મોજે ઓલપાડના રે.સ.નં. ૨૯, ૮૪૩, બ્લોક નં. ૮૫૫ તથા રે.સ.નં. ૨૮/૨, ૩૦, ૮૪૪, ૩૦/૧, ૨૯, બ્લોક નં. ૮૫૬ ના વેચાણ અંગેની જાહેર નોટીસ

મેત્રી તે સુનિલકુમાર હરેન્દ્રભાઈ કાપડીયાની દીકરી અને જુગલ પેંગાવાલાની ધણિયાણીએ નીચે કોષ્ટકમાં જણાવેલ જમીનો તેઓની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું તેમજ ટાઈટલ કલીયર હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ, સદરહુ વેચાણવાળી જમીન અંગે કોઈ પણ વ્યકિત કે ખાનગી બેંક, સહકારી યા સરકારી બેંક, નાણાંકીય સંસ્થાનો યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો લાગભાગ, દરદાવા, કબજાના હકકો, સાટાખત, ગીરોખતના હકકો, ખોરાકી પોષાકીના હકકો કે ઈઝમેન્ટના હકકો નથી કે સદર વેચાણ સામે કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં અમોને લેખિતમાં જરૂરી પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત વીત્યે કોઈના કોઈપણ જાતના લાગભાગ, દરદાવા, કબજાના હકકો, સાટાખત, ગીરોખતના હકકો, ખોરાકી પોષાકીના હકકો કે ઈઝમેન્ટના હકકો નથી કે સદર વેચાણ સામે કોઈ પણ પ્રકારનો વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે તેમ ગણી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈપણ વ્યકિત, ખાનગી બેંક, સહકારી યા સરકારી બેંક, નાણાંકીય સંસ્થા કે અન્ય કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી.

-: જમીનની વિગત :-

ક્રમ	બ્લોક નં.	સત્તાપ્રકાર	ક્ષેત્રફળ(હે.આરે.ચો.મી)	ખાતા નં.
૧.	૮૫૫	જુની શરત	૧-૦૫-૨૨	૮૯૬૬
૨.	૮૫૬	જુની શરત	૨-૩૭-૭૬	૮૯૬૭

અમારી સુચના અને ફરમાઈશથી
મેત્રી તે સુનિલકુમાર હરેન્દ્રભાઈ કાપડીયાની
દીકરી અને જુગલ પેંગાવાલાની ધણિયાણી સહી,

ઓફીસઃ સી/૩૦૬, ત્રીજો માળ,
સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે,
ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત
મો.નં. 9377724939

દિવ્યેશ એચ. ભટ્ટ
જયેશ આર. લીબાચીયા
એડવોકેટ એન્ડ નોટરી

મેસર્સ રૂદ્ર કોર્પોરેશન - એક ભાગીદારી પેઢી બાબતેની ઓથોરીટી યાને સત્તા રદ કર્યા અંગેની જાહેર નોટીસ સાથે જાહેર ચેતવણી

તમામ બેંકો, ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપનારા એડવોકેટસ તથા ખરીદનારા સાવધાન

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ સાથે જાહેર ચેતવણી આપી જણાવવાનું કે :-

જત હમારા અસીલ રમાશંકર પારસનાથ પાલ તથા અન્ય મગન સંતલાલ યાદવ તથા પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા નાઓએ ભેગા મળી સને-૨૦૧૯ની સાલથી જમીન મિલકત ખરીદ વેચાણ કરી તેમા બાંધકામ કરી તેને ડેવલપ કરવાનું કામ કરતા આવેલ.

તેઓએ ભેગા મળી સૌપ્રથમ **જીલ્લો સુરતના તાલુકા : ચોર્યાસીના મોજે : તલંગપોરના સર્વે નંબર : ૧૧૨ જેના બ્લોક નંબર : ૧૮૭ વાળી જમીન જેનું કુલ ક્ષેત્રફળ : ૧૩૫૫૭ ચોરસ મીટર વાળી જમીન પૈકી પશ્ચિમ દિશા તરફની ૭૦૪૯ ચોરસ મીટર વાળી જમીન જેનો સીટી સર્વે વોર્ડ : તલંગપોર(બીનખેતી)ના સીટી સર્વે નંબર : NA૧૮૭/૧ ફાળવવામાં આવેલ** તે જમીન ખરીદ કરેલ અને તે જમીન ખરીદી ના અવેજ પેટે હમારા અસીલે માતબાર રકમની ચુકવણી કરેલ. હમારા અસીલ રમાશંકર પારસનાથ પાલ તથા અન્ય મગન સંતલાલ યાદવ તથા પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા દ્વારા મજકુર જમીન ખરીદીની હકીકત અંગેનો કરાર/લેખ તારીખ : ૦૮-૦૯-૨૦૨૦ના રોજ કરવામાં આવેલ છે. જે લેખની રૂએ હમારા અસીલ રમાશંકર પારસનાથ પાલ તથા અન્ય મગન સંતલાલ યાદવ તથા પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા સદરહું જમીનના સંયુકત માલીક, મુખત્યાર થયેલા હતા. સદરહું જમીનમા **"સ્વામીનારાયણ સોસાયટી"** નું આયોજન કરી વિવિધ પ્લોટો પાડેલ, અને તે પ્લોટોના વેચાણ અવેજ માત્ર પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા દ્વારા સ્વીકાર કરી વિવિધ પ્લોટોના અલગ-અલગ ઈસમોને વેચાણ દસ્તાવેજ કરી આપેલ અને કરતા આવેલ. તે વિવિધ પ્લોટોનું વેચાણ થતાં અને તે પ્લોટોના વેચાણથી થયેલ બહોળો નફો આગર બીજા પ્રોજેકટમાં લઈ જવા માટે અન્ય જમીન મિલકત ખરીદ વેચાણ કરી તેમા બાંધકામ કરી તેને ડેવલપ કરવાના શુભ હેતુથી તારીખ : ૨૯-૦૨-૨૦૨૪ના રોજ મેસર્સ રૂદ્ર કોર્પોરેશન - એક ભાગીદારી પેઢીનું સર્જન કરવામા આવેલ અને તે અંગેનો ભાગીદારી લેખ તારીખ : ૨૯-૦૨-૨૦૨૪ ના રોજ કરવામાં આવેલ અને તે ભાગીદારી લેખ તેજ દિવસે સુરતના જીલ્લાના નોટરી અશોક ડી. આહીર સાહેબની બુકમાં અનુક્રમ નંબર : ૧૫૩૨/૨૦૨૪ થી નોંધાયેલ છે. અને તે ભાગીદારી પેઢીમાં હમારા અસીલ રમાશંકર પારસનાથ પાલ તથા અન્ય મગન સંતલાલ યાદવ તથા પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા ભાગીદાર થયેલા અને હાલ ચાલી આવેલા છે. ત્યારબાદ **મજકુર ભાગીદારી પેઢી એ જીલ્લો નવસારીના તાલુકા : જલાલપોરના મોજે : કડોલીના જુના સર્વે/બ્લોક નંબર : ૧૩૭ જેના નવા સર્વે/બ્લોક નંબર : ૬૭૩ વાળી જમીન જેનો સીટી સર્વે વોર્ડ : કંડોલી(બીનખેતી)ના સીટી સર્વે નંબર : NA૧૩૭/૧ ફાળવવામાં આવેલ,** જેનું કુલ ક્ષેત્રફળ : ૧૫૧૭૬ ચોરસ મીટર વાળી બીનખેતીની જમીન ખરીદ કરેલ. તે અંગેનો વેચાણ દસ્તાવેજ તારીખ : ૨૦-૦૩-૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ અને તે વેચાણ દસ્તાવેજ તેજ દિવસે મહેરબાન નવસારી જીલ્લાના જલાલપોર સબરજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં ૧ નંબરની બુકમાં અનુક્રમ નંબર : ૨૬૪૨/૨૦૨૩ થી નોંધાયેલ. મજકુર એન. એ. જમીનમાં **"જય દશામાં રેસીડેન્સી"** નું આયોજન કરી વિવિધ પ્લોટો પાડેલ છે.

મજકુર તારીખ : ૨૯-૦૨-૨૦૨૪ના રોજની ભાગીદારી પેઢીના લેખ મુજબ તમામ ભાગીદારોએ પ્રમાણીકપણે એકબીજાની લેખીત સહી સમંતીથી ભાગીદારી પેઢીના હિતમાં તમામ કામકાજ કરવાનું હોય, પરંતુ **મગન સંતલાલ યાદવ તથા પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા પોતાના અંગત હિત તેમજ અંગત નફા માટે કામકાજ કરતા આવેલ છે. અને હમારા અસીલના હકક-હિસ્સાને નુકશાન પહોચાડી રહેલ છે. સબબ સદરહું ભાગીદારી પેઢીના લેખમાં જણાવેલ શરતોનું પાલન ન કરતા અને હમારા અસીલના હિત વિરૂધ્ધનું કૃત્ય કરતા આવેલ છે, મજકુર લેખના આધારે ભાગીદારી ધંધાના વહેવારો માટે ભાગીદારી પેઢીના નામથી વિવિધ બેંકોમાં ખાતા ખોલાવી અને તે અંગેના વહીવટ કરવા બાબતે તેમજ ભાગીદારી પેઢીની તમામ સ્થાવર તથા જંગમ મિલકતોના ખરીદ વેચાણ ટ્રાન્સફર બાબતે સબરજીસ્ટ્રાર તથા નોટરી રૂબરૂ હાજર રહેવાની તમામ ઓથોરીટી યાને સત્તા વિગેરે.. અન્ય ભાગીદાર મગન સંતલાલ યાદવને આપેલ હતી અગર અન્ય ભાગીદાર પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા અગર અન્ય કોઈને પણ આપેલ હતી તો તે તમામ ઓથોરીટી યાને સત્તા રદ બાતલ જાહેર કરવામાં આવે છે. વધુમાં હમારા અસીલોએ અન્ય ઓથોરીટીના લખાણો કરી આપેલ હોય તો તેવા તમામ લખાણો પણ રદ બાતલ જાહેર કરવામાં આવે છે.** જે અંગેની નોટીસ મગન સંતલાલ યાદવ તથા પ્રવિણભાઈ રામજીભાઈ કંથારીયા નાઓને રજી. પોસ્ટ એ. ડી./રજી. સ્પીડ પોસ્ટ થી તારીખ : ૧૬/૦૪/૨૦૨૬ના રોજ અલગથી મોકલી આપવામાં આવેલ છે.

જેથી હવે પછી સદરહું ભાગીદારી પેઢી મેસર્સ રૂદ્ર કોર્પોરેશન ને લગતા કોઈ પણ કાર્યો હમારા અસીલોની સહી સમંતી વગર કરી શકશે નહિ, તેમ છતાં સદરહું ભાગીદારી પેઢી મેસર્સ રૂદ્ર કોર્પોરેશન બાબતે કોઈ પણ વ્યકિત હમારા અસીલની સહી સમંતી વગર કોઈ પણ વ્યવહાર કરશે, અગર તો બેંક લોન આપશે, અગર તો બેંકના એડવોકેટ ટાઈટલ કલીયર રીપોર્ટ ઈસ્યુ કરશે, અગર તો ત્રાહીત ઈસમ સદરહું પેઢી પાસેથી પેઢીની જમીન/મિલકત ખરીદ કરશે તો તેઓને કલીયર ટાઈટલ પ્રાપ્ત થશે નહી અને તેની સંપુર્ણ જવાબદારી વ્યવહાર કરનારની પોતાની રહેશે તથા તે વ્યવહાર હમારા અસીલોને બંધનકર્તા રહેશે નહીં જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વધુમાં મજકુર મોજે/વોર્ડ : તલંગપોરના સીટી સર્વે નંબર : NA૧૮૭/૧ વાળી જમીન/મિલકત તથા મોજે/વોર્ડ : કંડોલીના સટી સર્વે નંબર : NA૧૩૭/૧ વાળી જમીન/મિલકત તેમજ મેસર્સ રૂદ્ર કોર્પોરેશન - એક ભાગીદાર